**ડાયરેક્ટ ❤ સે**

શાંતિ
અને સંતોષ
પૂર્ણવિરામ છે
બાકીનાં બધાં જ સુખ
અલ્પવિરામ છે

## જન્મદિને વધામણી



**હિતેષ વિનોદ જોષી (શર્મા)**
મો. ૮૦૦૦૭ ૭૨૫૦૨



**હેતાર્થ કે શાહ**
ફોન : ૨૩૨૨૩૬૯૧

# કોલવડાના કે કે પટેલ વિદ્યાલય ખાતે આપત્તિ વ્યવસ્થાપન નિદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૮

શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ''ડિઝાસ્ટર મેનેજમેન્ટ'' સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજયની ત્રણ સમિતિના અધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં ONGC સિક્યુરીટી વિભાગના અધિકારી નિશ્ચલ રોનકસિંહ તેમજ ફાયર વિભાગના અધિકારી, પેથાપુર પોલીસ સ્ટેશનના પી. એસ. આઇ. એલ. એસ. ચૌધરી સ્ટાફ સાથે હાજર હતા. કોલવડા કેળવણી મંડળના પ્રમુખ છત્રસિંહજી વાઘેલા, મંત્રી પ્રવીણભાઇ પટેલ, ગામના સરપંચ અને ડેપ્યુટી સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ONGC વિભાગના નિશ્ચલ રોનકસિંહ તથા તેમની સમગ્ર ટુકડીએ વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન વિશે રસપ્રદ અને વિગતપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમમાં જ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી પ્રોત્સાહન રૂપે પ્રતીક ભેટ પણ આપી. કેળવણી મંડળના તમામ હોદ્દેદારોનું પણ અભિવાદન ભેટ સ્વરૂપે કર્યુ. તમામ કાર્યક્રમ શાળાના આચાર્ય ભાવનાબા વાઘેલાના માર્ગદર્શનથી કરવામાં આવ્યો હતો.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા પટેલ વર્ષાબેને કર્યું હતું. અંતે વિદ્યાર્થીઓને ફાયર તથા આપત્તિ વ્યવસ્થાપનનું લાઇવ ડેમોસ્ટ્રેશનનું નિદર્શન કર્યું હતું. ONGC વિભાગ તરફથી શાળાના વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

# દિવ્યાંગ ખેલવીરો માટે સમર કોચિંગ કેમ્પ યોજાયો





દિવ્યાંગ રમતવીરો માટે ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ અંતર્ગત એથ્લેટિક્સ અને વૉલીબૉલ રમતની સઘન તાલીમ ૧૦ જેટલા ખેલવીરોને આપવામાં આવી હતી. ગાંધીનગરના જિજ્ઞેશ રાવલ, સૌરીન પટેલ અને રોહિત ઠાકોર દ્વારા આ કેમ્પમાં કોચ તરીકેની સેવાઓ આપવામાં આવી હતી.

# પ્રેરણા વિદ્યાલયમાં માધ્યમિક વિભાગનો પ્રવેશોત્સવ





ગાંધીનગર, તા. ૨૮

સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયના માધ્યમિક વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

ધોરમ-૯માં પ્રવેશ લઈ રહેલા વિદ્યાર્થીઓને આ પ્રવેશોત્સવમાં સાંકળી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને અભિનયગીત દ્વારા કરવામાં આવી હતી. અતિથિ તરીકે કનોરિયા હૉસ્પિટલ, ભાટના સાયકોલૉજીસ્ટ કલ્પેશભાઈ આર પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીને ઉચ્ચ કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું હતું. શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ અને આર ઍમ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્ય મનીષભાઈ ખત્રીએ અતિથિઓને આવકારી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

ધોરણ-૯માં પ્રવેશ લઈ રહેલા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી, મોઢું મીઠું કરાવી શૈક્ષણિક કિટ ભેટ આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્દ્રરાજકુંવરબા દ્વારા અને આભાર દર્શન સંજયભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં વિદ્યાર્થિનીઓ માટે સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં ધોરણ-૫થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે પરિસરમાં સ્થિત શેઠશ્રી ખીમજી વિશરામ ઍન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે એક સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સૅમિનાર અંતર્ગત વિદ્યાર્થિનીઓને શાળાની અભ્યાસલક્ષી માહિતી અને શિસ્ત માટેના જરૂરી નિયમોની સમજૂતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તરૂણાવસ્થાની સમસ્યા તથા જાતિય સતામણી કોને કહેવાય, જાતિય સતામણીનો સામનો કેવી રીતે કરવો, આવી ઘટના દરમિયાન તકેદારી માટે આપણે શું કરી શકીએ અને કેવી રીતે તથા ક્યાંથી મદદ લઈ શકાય તેની વિસ્તૃત ચર્ચા શાળાનાં સુપરવાઈઝર ભગવતીબેન ઍસ પટેલે કરી હતી. આચાર્ય નીરૂબેન પટેલે સંસ્થાના વિશેષ અગત્યના નિયમો અંગે માહિતી આપી હતી.

# આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે વાલી મીંટીંગ તથા બ્રહ્માકુમારી દ્વારા પ્રવચન



આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) સેકટર-૮ ગાંધીનગર ખાતે પ્રથમ સત્રમાં વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ વાલીઓ હાજર રહ્યા હતા. આચાર્ય જે.એસ. રાવલ દ્વારા વિદ્યાર્થીઓ શિક્ષણમાં આગળ વધે તે બાબતે વાલીઓને સૂચન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે બ્રહ્માકુમારી દ્વારા મેઘા દીદી અને રાણી દીદીના પ્રવચનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ્ય અને કર્મ વિશે બાળકોને સારી સમજ આપવામાં આવી હતી.

# આ મેગેઝિન વાચકોને તૈયાર કરવાનું કામ કરશે




ગાંધીનગર, તા. ૨૮

''કાર્ટુન, હાસ્ય અને વ્યંગ્યને કેન્દ્રસ્થાને રાખીને ગુજરાતીમાં પ્રથમ વખત 'કાર્ટુન સેલ્ફી' મેગેઝિન આવ્યું છે તે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે અને 'ક્લાસ' માટેના આ મેગેઝિનનો વ્યાપ વધે તેમ તેની સકારાત્મક અસર સમાજમાં જોવા મળશે એમ જાણીતા હાસ્ય લેખક રતિલાલ બોરિસાગરે 'કાર્ટુન સેલ્ફી' મેગેઝિનના વિમોચન પ્રસંગે જણાવ્યું હતું.

જાણીતા કાર્ટૂનિસ્ટ અશોક આદેપાલ દ્વારા શરૂ કરવામાં આવેલા 'કાર્ટુન સેલ્ફી' મેગેઝિનનું વિમોચન બુધવારે યોજાયું હતું અને તેમાં શહેરના ગણમાન્ય વ્યક્તિઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. રતિલાલ બોરિસાગરે જણાવ્યું હતું કે, ''૧૯૧૫ની સાલમાં 'વીસમી સદી' મેગેઝિનથી લઈને અત્યાર સુધીમાં ગુજરાતમાં આ પ્રકારનું આ પ્રથમ મેગેઝિન છે. આ મેગેઝિનમાં સમાવિષ્ટ સામગ્રી બુદ્ધિશાળી વાચકો માટે છે અને નિઃશંકપણે આ મેગેઝિન વાચકોને તૈયાર કરવાનું કામ કરશે. હાલમાં ફિલ્મો કે વોટ્સએપમાં સ્થૂળ હાસ્યની બોલબાલા છે ત્યારે 'કાર્ટુન સેલ્ફી' વાચકોમાં હાસ્યવૃત્તિ કેળવવાનું અને સજ્જ કરવાનું કામ કરશે. કાર્ટુન અને હાસ્ય-વ્યંગ્ય કળા દ્વારા આ મેગેઝિનમાં રાજકીય અને સામાજિક કેળવણી આપવામાં આવશે.''

આ પ્રસંગે ગુજરાત કેળવણી પરિષદના મનસુખ સલ્લાએ જણાવ્યું હતું કે, ''નર્મદથી લઈને અત્યાર સુધી જેમને પણ કંઈક કહેવું છે તેમણે અખબાર કે મેગેઝિનના માધ્યમથી આ કામ કરવાનું સાહસ કર્યુ છે અને 'કાર્ટુન સેલ્ફી' પણ આ જ દિશામાં કામ કરશે.'' આ પ્રસંગે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના ઝોનલ ડાયરેક્ટર હરિઓમ ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે જ અશોક અદેપાલ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ ઘટનાઓ દર્શાવતા કેરીકેચરનું પ્રદર્શનનું આયોજન કરાયું છે. આ પહેલાં પણ તેઓ આ પ્રકારના પ્રદર્શન યોજી ચૂક્યા છે. કાર્ટૂન સેલ્ફી એક્ઝિબિશન ૨૭ જૂન બુધવારથી ૧ જુલાઇ રવિવાર સુધી યોજાશે. રવિ શંકર રાવળ કલાભવન, લૉ ગાર્ડન, નેતાજી રોડ, એલિસબ્રિજ ખાતે બપોરે ૧૨-૩૦થી રાત્રે ૮ વાગ્યા સુધી મુલાકાત લઈ શકાશે.

# સૂર કે બિના જીવન સૂના : માનવ શરીરમાં કુદરતે લયનું આરોપણ કર્યું છે

## લય શરીરને સ્વસ્થ, સુંદર અને જીવનને સૂરીલું બનાવે છે : જીવન ક્યારેય પણ બિસ્માર અનુભવાય ત્યારે સંગીત એ શ્રેષ્ઠ ઉપાય છે




આજે એક સુંદર સંયોગની વાત કરવાની ઈચ્છા થઈ છે. કદાચ વિષય થોડો જૂનો અનુભવાય. આજકાલ દુનિયામાં એટલી બધી ઘટનાઓ બનતી રહે છે કે, સવારની વાત સાંજે જૂની લાગે. પરંતુ આપણે જે વાત કરવી છે એ વિષય તરીકે શાશ્વત છે.

પશ્ચિમના બધા દેશોની જેમ હવે આપણે પણ વર્ષમાં દરેક અઠવાડિયે કોઈને કોઈ દિવસ 'વિશેષ દિવસ' તરીકે ઉજવીએ છીએ. આપણી પાસે આટલા તહેવારોનું ભાથું છે, ઉપરાંત અમુક આવા વિશેષ દિવસોની ઉજવણીમાં હવે તો સરકાર પણ સામેલ થાય છે અને ખૂબ મોટા પાયે- મોટા ખર્ચે અને મહાનુભાવોની સામેલગિરી સાથે મહોત્સવનો માહોલ સર્જાય છે.

હમણાં જ ગયા અઠવાડિયે 'યોગ દિવસ' ઉજવાયો. આપણે જાણીએ છીએ એ પ્રમાણે દિવસોની તડામાર તૈયારી સાથે હજારો લોકો આ ઉજવણીમાં જોડાયા. વિકલાંગ વ્યક્તિઓ દ્વારા પણ યોગ નિદર્શન થયું. અદભુત ઘટનાઓનું સમગ્ર વિશ્વ સાક્ષી બન્યું. ભારતીય પ્રાચીન પરંપરાના પ્રતિક અને ભારતીયતાની ગંગોત્રી એવી યોગક્રિયાની આવી વિસ્તૃત ફલક પર ઉજવણી એ ગર્વ લેવા જેવી ઘટના લેખી શકાય.

૨૧મી જૂન - આવી જ એક બીજી ઉજવણીનો દિવસ હતો. એ હતો 'વર્લ્ડ મ્યુઝિક ડે'. યોગની જેમ વૈશ્વિક કક્ષાએ ભારતીય સંગીતનો અનોખો દબદબો છે. આ વખતે જૂજ મેસેજ સિવાય આ દિવસની મોટી નોંધ કે ઉજવણી ધ્યાને ન આવી. સંગીતપ્રેમીઓએ જરૂર પોતપોતાની રીતે એના વધામણાંની આપ-લે કરી. આમેય આ ભાગદોડ ભરી જિંદગીમાં સંગીતને વિસરી જવાની સ્થિતીમાં આપણે સહુ સરી રહ્યા છીએ. આભાર છે નવા સ્વરૂપે આપણી વચ્ચે પરત ફરેલા રેડિયોના જમાનાનો, જેણે આપણો સંગીત સાથેનો સેતુ જોડી રાખ્યો છે.

હિંદુ ધર્મના ઘણા આરાધ્યદેવોનું જોડાણ કોઈને કોઈક સંગીત વાદ્ય સાથે જોવા મળે છે. શિક્ષણની દેવી મા સરસ્વતી વીણાધારિણી છે. દેવોના દેવ મહાદેવનું ડમરુ સાથેના નૃત્યનું એક સુંદર કલ્પનાચિત્ર આપણા મનોજગતમાં અંકાયેલું છે. કૃષ્ણની મધુર મોરલી મોહિત કરનારી છે. મોટાભાગે ધર્મોમાં પ્રાર્થનાનું માધ્યમ સંગીત છે. આમ જોઈએ તો આ ઉલ્લેખ સ્વયંસ્પષ્ટ છે કે, પૃથ્વી પર વસતા દરેક માનવી માટે પરમ શ્રદ્ધેય સ્થાન, પ્રભુ શરણની અલૌકિક અનુભૂતિ સુધી પહોંચવામાં જે મદદરૂપ થાય છે એ સંગીત છે.

સાધના-આરાધના-વંદના-પ્રાર્થના દરેક સાથે સંગીતની સંગત જોડાયેલી છે. યોગની અનુભૂતિ પણ જેની સંગતથી જન્મી શકે એ સૂર જ્યારે સ્વર બને ત્યારે એ યોગનિદ્રા જેટલી જ ધ્યાનાવસ્થા આપે છે. સંગીતની શક્તિ અમાપ છે. પ્રભુની વંદના માટેના સ્તોત્ર, ભજનો, પ્રાર્થનાની તાલબદ્ધ-સૂરીલી સંરચના થકી થતો પ્રભુની સમીપતા પામવાનો પ્રયાસ વ્યક્તિને કોમળતા બક્ષે છે. સહજ, સરળ અને નમ્ર બનાવે છે. ક્યારેક ભજન સમયે પાડવામાં આવતી તાળી માટે મનમાં પ્રશ્ન થયો હશે કે આવુ કેમ !! કદાચ એમાં પણ સંગીત જ કારણભૂત હોઈ શકે. તાળીનો તાલ આપણને ભજનના ભાવ અને શબ્દો; બંને સાથે સુંદર રીતે એકાકાર કરે છે અને ફરીથી એજ સુંદર અનુભૂતિ જે સ્વર્ગીય હોય છે એમાં વિહરવાની તક સાંપડે છે. તાલથી લય નિશ્ચિત થાય છે. સંગીતના જ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો અનેક તાલ, અનેક રાગોમાં સંગીત વિભાજીત થયેલુ છે. પરંતુ એ જ્ઞાનથી પરે સૂર અને તાલનું વિશ્વ આપણી આસપાસ, ચારેકોર પથરાયેલું પડ્યું છે. વહેલી સવારથી શરૂ કરીને આઠેય પ્રહર અવાજોની દુનિયામાં વિચરતાં આપણે અનેક પ્રકારના સૂર સાથે સંકળાયેલા અને લયથી ટેવાયેલાં છીએ. કુદરતની બધી જ રચના અદભૂત સંગીત સર્જે છે. ઝરણાનું ખળખળ... દરિયાનો ઘૂઘવાટ ... વૃક્ષોના પર્ણોની સરસરાહટ... ખીણમાંથી પડઘાતો આરવનો નાદ... પંખીઓનો કલરવ અને પહાડની નિરવતાની ગૂંજ એક અલગ જ પ્રકારનું સંગીત સર્જે છે.

**''સાધના-આરાધના-વંદના-પ્રાર્થના દરેક સાથે સંગીતની સંગત જોડાયેલી છે. યોગની અનુભૂતિ પણ જેની સંગતથી જન્મી શકે એ સૂર જ્યારે સ્વર બને ત્યારે એ યોગનિદ્રા જેટલી જ ધ્યાનાવસ્થા આપે છે. સંગીતની શક્તિ અમાપ છે. પ્રભુની વંદના માટેના સ્તોત્ર, ભજનો, પ્રાર્થનાની તાલબદ્ધ-સૂરીલી સંરચના થકી થતો પ્રભુની સમીપતા પામવાનો પ્રયાસ વ્યક્તિને કોમળતા બક્ષે છે. સહજ, સરળ અને નમ્ર બનાવે છે''**

માણસનું શરીર પણ કુદરતની એવી અદભૂત દેન છે જેની રચનામાં લય અદભૂત રીતે સમાયેલો છે.

આપણું હૃદય એક સરખા લયમાં ધબકે છે ત્યારે જીવનનું અસ્તિત્વ ફલિત થાય છે. નાડીના ધબકારથી જીવન-મૃત્યુ નક્કી થાય છે. કુદરત અને મનુષ્ય વચ્ચેનો નાતો સૂર-તાલ થકી વિશેષ છે. નવરાત્રી અને અન્ય તહેવારોમાં પણ રોમેરોમથી લયનું નિદર્શન આપણે નિહાળીએ જ છીએ.

હવે તો આપણા સાથી એવા મોબાઈલ ફોનની રીંગ અને કોલરટ્યુન પણ ફેશન-ટેકનોલોજી સાથે માણસની અંદરના એ કુદરતીપણા, એ લય, એ સંગીતને સ્પર્શવાનો પ્રયાસ જ છે, જે અજાણપણે માણસને સારી અનુભૂતિ આપી જાય છે. અસાધ્ય રોગોની સારવારમાં પણ સંગીત મદદરૂપ થાય છે. કેટલું આશીર્વાદરૂપ છે સંશોધન !!! સલામ સંગીતને...



મૂરઝાયેલા છોડના વિકાસ અને સંવર્ધનમાં પણ સંગીતના પ્રયોગથી એ મ્હોરી ઉઠ્યાના ઉદાહરણો જોવા મળે છે. તંદુરસ્તી અને આનંદના બધા જ માધ્યમો સંગીત સાથે જોડાયેલા છે.

સંબંધોના બગડેલા સૂરને સંજોવવાનું, મિજાજના લયને મેઈન્ટેઈન કરવાનું કામ પણ સંગીત દ્વારા શક્ય છે. પ્રત્યેક મૂડને પ્રદર્શિત કરતાં સંગીત સાથે વ્યક્તિ પોતાના ભાવનું તાદામ્ય સાધી શકે છે. સંગીત અનેક સ્વરૂપે આપણી વચ્ચે વહે છે. શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોકસંગીત, ગઝલ, ભજન, પોપ મ્યુઝિક વગેરે એના સામાન્ય સ્વરૂપો છે. સંગીત સાથે જોડાયેલા કલાકારો આપણને જોગી જેવા વર્તાય છે. એ જોગી, યોગીનું જ સ્વરૂપ છે. સંગીતનો નશો એમના કણ-કણમાં કેફ ભરી દે છે અને આ કેફથી તરબતર જોગી-યોગીની તપશ્ચર્યાની તોલે આવી શકે એટલું અલગારીપણું અનુભવે છે. યોગક્રિયામાં મહત્તમ સંમિલિત ઓમકારના નાદમાં પણ સંગીત છે. યોગ અને સંગીત એકબીજાના પર્યાય કહીએ તો અતિશયોક્તિ નથી. બન્ને સંપૂર્ણપણે શુદ્ધતા અને પવિત્રતાના પ્રતિક તથા માનવજાત માટે ઉપકારક-આશીર્વાદ સમાન છે. જ્યાં યોગ છે ત્યાં લય છે. લય શરીરને સ્વસ્થ, સુંદર અને જીવનને સૂરીલું બનાવે છે અને ત્યાં આપોઆપ જ કુદરતની કૃપાની અનુભવાય છે. જીવન ક્યારેય પણ બિસ્માર અનુભવાય ત્યારે સંગીત એ શ્રેષ્ઠ ઉપાય છે. બાકી તો 'યોગઃ કર્મસુ કૌશલમ્'- પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરવું એ જ સૌથી મોટો યોગ છે, સાધના છે, આરાધના છે.